નિકાસ બંધ થતાં લોકલ માર્કેટમાં માલનો ભરાવો

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધે વલસાડની કેરીની મીઠાશ બગાડી નાખી

● વલસાડ, તા.૧૭

જિલ્લામાં કેરીની સિઝન પુરબહારમાં શરૂ થઈ છે. જોકે અગાઉ પ્રતિકૂળ વાતાવરણને કારણે કેરીના પાકમાં નુકસાન વેઠી ચૂકેલા ખેડૂતોને હવે બમણો માર પડી રહ્યો છે.

આ વખતે ખાડીના દેશોમાં યુદ્ધના માહોલને કારણે વલસાડની ખાડીના દેશોમાં થતું કેરીનું એક્સપોર્ટ વર્ષે અટકી ગયું છે. વધુમાં મુંબઈની બજારમાં પણ વલસાડની કેરીના ભાવ ઓછા મળતા વેપારીઓ પણ હવે ઓછા ભાવે કેરીની માગ કરતા હોવાથી કેરીના ભાવ ગગડી ગયા છે. આથી ખેડૂતોએ ડબલ માર સહન કરવાનો વારો આવ્યો છે.

વલસાડ જિલ્લો વાડીઓનો પ્રદેશ છે, જ્યાં ૩૫,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં આંબાવાડીઓ આવેલી છે. દર વર્ષે હજારો ટન કેરીની અહીં ઉપજ થાય છે. વલસાડી આફુસ અને કેસર કેરીની ખાડીના દેશોમાં મોટી માગ હોય છે. જેથી વલસાડ જિલ્લાના ખેડૂતો ઊંચા ભાવે ખાડીના દેશોમાં કેરી એક્સપોર્ટ કરતા હતા અને સારી કમાણી થતી હતી, પરંતુ આ વર્ષે અમેરિકા, ઈરાન અને ઈઝરાયેલના યુદ્ધના કારણે એક્સપોર્ટ ઠપ થઈ ગયું છે.

ખેડૂત અંકુર પટેલે જણાવ્યું હતું કે, અમારી કેસર આફૂસ કેરીની ખૂબ માગ હોય છે, પણ આ વર્ષે યુદ્ધના કારણે એક્સપોર્ટ થતું નથી અને કેરીના સ્ટોકનો ભરાવો થઈ રહ્યો છે. ભાવ પણ મળતો ન હોવાથી અમને ખૂબ નુકસાન જઈ રહ્યું છે. દુબઈ પણ અમે કેરી એક્સપોર્ટ કરતા હતા તે પણ નથી જતી અને મુંબઈ વલસાડ મોકલેલી કેરીઓ પણ આગળ જતી નથી. જ્યારે સ્થાનિકો કેરીઓ ખરીદે છે પણ પુરતા પ્રમાણમાં ભાવ આવતો નથી.

એક્સપોર્ટ થતી કેરીઓ બંધ થઈ જતા અહીયાની સ્થાનિક માર્કેટમાં કેરીના માલનો ભરાવો થયો છે. જેથી કેરીના ભાવ ઓછા થઈ ગયા છે. મુંબઈથી ખરીદી માટે આવતા વેપારીઓ પણ હવે આવા માહોલમાં ઊંચા ભાવ આપવા તૈયાર નથી. શરૂઆતમાં પ્રતિકૂળ વાતાવરણને કારણે કેરીના પાકને નુકસાન થયું હતું. જોકે, હવે યુદ્ધના કારણે એક્સપોર્ટ અટકી જતાં વધુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

વેપારી મુસ્તાક અલીએ જણાવ્યું હતું કે, અમારી વલસાડી આફુસ કેરીની આરબ કન્ટ્રી અને ખાસ કરીને યુરોપમાં પણ ખૂબ માગ હતી. પહેલા અમને ૧૫૦૦થી ૧૮૦૦નો ભાવ મળતો હતો, પણ આ વર્ષે જે યુદ્ધ ચાલુ છે તેના કારણે એક્સપોર્ટ થતું નથી જેથી લોકલ માર્કેટમાં જ કેરી વેચાવા આવી રહી છે. જેના પરિણામે માર્કેટમાં કેરીનો એટલો બધો ભરાવો થઈ ગયો છે કે ભાવ સતત ગગડી રહ્યાં છે અને જોવે તે ભાવ નથી મળી રહ્યો. માવજતનો ખર્ચો મુશ્કેલીથી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે. જો યુદ્ધનો વિરામ આવે તો બચેલી ૩૦-૪૦ ટકા કેરીમાં વળતર મળે તેવી આશા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ત્રાગડ સ્થિત ટેક સિટીનું લોકાર્પણ

ગુજરાતે જે સેક્ટરમાં પગ મૂક્યો તેમાં સફળતા મેળવવામાં ક્યારેય મોડું નથી કર્યું: અમિત શાહ

● અમદાવાદ, તા.૧૭

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના ગુજરાત પ્રવાસના બીજા દિવસે અમદાવાદના ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ લિમિટેડ દ્વારા નિર્મિત 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર કેમ્પસનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ૧.૫ બિલિયન ડોલરના રોકાણ સાથે તૈયાર થયેલું આ ઈન્ટિગ્રેટેડ ઈકોસિસ્ટમ ગુજરાતનો પ્રથમ IGBC પ્લેટિનમ-રેટેડ SEZ IT પાર્ક છે, જે કાર્યરત થયો છે. આ સાથે AICTE દ્વારા મંજૂર થ્ઈરૈ સિટી કેમ્પસ (GREMI City Campus) નું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ IT પાર્ક આગામી સમયમાં ૭૦ હજારથી વધુ ઉચ્ચ-કુશળ નોકરીઓનું સર્જન કરશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, અમદાવાદની ભૂમિ પર આજે બે નવા આયામ શરૂ થયા છે, જેમાં મિલિયન માઈન્ડ ટેક પાર્ક અને એક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે આ પ્રોજેક્ટ્સની જરૂરિયાત ઘણા સમયથી હતી અને આજે આપણે એક મહત્વનો માઈલ સ્ટોન પ્રાપ્ત કર્યો છે. ગુજરાતે જે સેક્ટરમાં પગ મૂક્યો તેમાં સફળતા મેળવવામાં ક્યારેય મોડું નથી કર્યું. ગુજરાતે દેશના ઔદ્યોગિક વિકાસમાં હંમેશા મહત્વનો ભાગ ભજવ્યો છે અને ગુજરાતની વૈશ્વિક ઓળખની યાત્રા પણ અનોખી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, ઈન્ડસ્ટ્રીઝનું જેટલું મજબૂત સ્ટ્રક્ચર ગુજરાતમાં છે તેવું બીજે ક્યાંય નથી. રાજ્ય સરકારે માત્ર ભૌતિક સુવિધાઓ જ નથી આપી, પણ પ્રો-એક્ટિવ રહીને ઉદ્યોગો માટે શ્રેષ્ઠ નીતિઓ પણ ઘડી છે. હવે આપણો પ્રયાસ સર્વિસ સેક્ટરમાં પણ ગુજરાતને ૧ થી ૩ નંબર સુધી લાવવાનો છે. રાજ્યની આર્થિક ગતિવિધિઓમાં આ ટેક પાર્ક સૌથી મોટો ભાગ ભજવશે, જ્યાં ૯ હજાર પ્રોફેશનલ્સ માટે કામ કરવાની આધુનિક સુવિધા ઉપલબ્ધ છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્ર અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, ભારત માટે રિયલ એસ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ખૂબ જ જરૂરી છે, કારણ કે જો યોગ્ય ટાઉન પ્લાનિંગ ન થાય તો શહેરનો વિકાસ પણ યોગ્ય રીતે નથી થતો. રિયલ એસ્ટેટ હવે તકનીક અને પ્લાનિંગ બાબતે ઘણું આગળ વધ્યું છે, તેથી આ વિષયને સ્ટડી સ્વરૂપમાં અમલમાં મુકવો ખૂબ જરૂરી અને મહત્વનો છે. આ ઈન્સ્ટિટ્યૂટની પહેલી બેંચમાં ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં આધુનિક અને કુશળ વિચારધારાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે અંતમાં કહ્યું કે, આ શરૂઆત ભલે થોડી મોડી થઈ છે, પરંતુ હવે થઈ છે તેનો મને આનંદ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતે સમગ્ર દેશને વિકાસની રાજનીતિનો સાચો રાહ બતાવ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પ્રોજેક્ટ થકી રાજ્યમાં રોજગારીની અનેક નવી તકો ઊભી થશે અને અમદાવાદ હવે ઝડપથી એક ગ્લોબલ સિટી તરીકે ઉભરી રહ્યું છે. રાજ્ય સરકારની વિવિધ પ્રોત્સાહક પોલિસીઓને કારણે વિકાસને નવું બળ મળી રહ્યું છે, જેના પરિણામે ગુજરાત આગામી સમયમાં ભારતનું અગ્રીમ ઈનોવેશન હબ બનીને ઉભરશે.

વિમલ અને મહેકની બ્રાન્ડના નામે ચાલતું હતું મોટું રેકેટ, SOGના દરોડામાં લાખોનો માલ જપ્ત

બ્રાન્ડેડના નામે નકલીનો ખેલ, અમદાવાદમાં નકલી પાન મસાલાની ફેક્ટરી ઝડપાઈ

● અમદાવાદ, તા.૧૭

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદમાંથી લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતું એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. શહેરના ઓઢવ વિસ્તારમાં ધમધમતી ડુપ્લીકેટ પાન મસાલા બનાવવાની ફેક્ટરી પર એસઓજી ક્રાઈમ બ્રાંચની ટીમે સફળ દરોડો પાડ્યો છે. બજારમાં ખૂબ જ લોકપ્રિય એવી બ્રાન્ડેડ કંપનીઓના નામે અહીં નકલી પેકિંગ કરીને ડુપ્લીકેટ માલ તૈયાર કરવામાં આવતો હતો. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી નકલી ચીજવસ્તુઓનું સામ્રાજ્ય ચલાવતા કાળાબજારીયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, ઓઢવના ઔદ્યોગિક વિસ્તારમાં એક શેડ ભાડે રાખીને ગુપ્ત લોકેશન પર આ આખું ગેરકાયદેસર નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. SOG ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે પૂર્વ વિસ્તારમાં એક ફેક્ટરીની અંદર દરોડો પાડીને ઘટનાસ્થળેથી શબ્બીરઅલી શેખ નામના મુખ્ય સૂત્રધાર શખ્સની ધરપકડ કરી લીધી છે. આ શખ્સ કોઈની પણ નજરમાં આવ્યા વિના બ્રાન્ડેડ કંપનીઓની હૂબહૂ નકલ કરીને ડુપ્લીકેટ મસાલા બનાવતો હતો અને બજારમાં અસલીના ભાવે વેચીને તગડો નફો કમાતો હતો.આ સમગ્ર મામલે ડુપ્લિકેટ મેન્યુફેક્ચરિંગ અને કોપીરાઈટ ભંગની તપાસ માટે ઓથોરાઈઝ્ડ કંપનીના પ્રોપરાઈટર હિરેન પટેલે (ઉં.વ. ૪૪) એસ.ઓ.જી.માં લેખિત ફરિયાદ નોંધાવી હતી. તેને માહિતી મળી હતી કે ઓઢવ વિસ્તારમાં એક શખસ દ્વારા જાણીતી બ્રાન્ડના પાન મસાલાનું નકલી પેકિંગ કરીને બજારમાં સપ્લાય કરવામાં આવી રહ્યું છે. આ ચોક્કસ બાતમીના આધારે SOGની ટીમે વોચ ગોઠવીને દરોડો પાડ્યો હતો.

ઓઢવ વિસ્તારમાં ભરવાડ વાસ નજીક આવેલા વિજય એસ્ટેટના પ્લોટ નં-૨૦/૨ના બીજા માળે આવેલા શેડમાં અચાનક પાડવામાં આવેલા દરોડા દરમિયાન ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી પોલીસે કુલ ૩.૩૪ લાખ રૂપિયાની કિંમતનો માતબર મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસ દરમિયાન પોલીસને ત્યાંથી ડુપ્લીકેટ પાન મસાલા બનાવવાનું હાઈટેક ઈલેક્ટ્રિક મશીન, 'વિમલ' અને 'મહેક સિલ્વર' પાન મસાલાના હજારો તૈયાર નકલી પેકેટો મળી આવ્યા હતા. આ ઉપરાંત, બ્રાન્ડેડ પેકિંગ માટેના ખાલી પ્લાસ્ટિક પાઉચ, પેપર રોલ અને આશરે ૧૦ કિલો જેટલો પાન મસાલામાં વપરાતી સોપારીનો કાચો માલ પણ પોલીસે કબજે કર્યો છે.જે અંદાજે ૩.૩૪ લાખ રૂપિયા જેટલો થવા જાય છે.

આવી નકલી ફેક્ટરીઓમાં મસાલા તૈયાર કરવા માટે અત્યંત હલકી ગુણવત્તાવાળો કાચો માલ અને કેમિકલ્સનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. બ્રાન્ડેડ કંપનીના આકર્ષક પેકિંગના કારણે સામાન્ય નાગરિકો અસલી સમજીને આ નકલી પાન મસાલા ખરીદતા હતા અને પોતાના શરીરને નુકસાન પહોંચાડતા હતા. આવી નકલી અને કેમિકલયુક્ત સોપારી ખાવાથી કેન્સર જેવી જીવલેણ બીમારીઓનું જોખમ અનેકગણું વધી જાય છે, જેને લઈને હવે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પણ સતર્ક બન્યું છે.

SOG પોલીસે આરોપી ગોમતીપુર વિસ્તારના રહેવાસી શબ્બીરઅલી સરાફતઅલી શેખ (ઉં.વ. ૪૭) વિરૂદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને તેની સઘન પૂછપરછ શરૂ કરી દીધી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે આ નકલી પાન મસાલાનો જથ્થો અમદાવાદ અને ગુજરાતના કયા-કયા વિસ્તારોમાં અને કયા વેપારીઓને સપ્લાય કરવામાં આવતો હતો.

આ સિવાય, આ આખા રેકેટની પાછળ અન્ય કયા મોટા માથાઓ કે પાન મસાલાના એજન્ટો સામેલ છે, તેના પરથી પણ ટૂંક સમયમાં મોટો પડદો ઊંચકાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

નરોડા સગીરા અપહરણ કેસનો સનસનીખેજ ખુલાસો

અપહરણ કેસમાં ૨૪ દિવસ બાદ બંને સગીરાઓ મુક્ત

● અમદાવાદ, તા.૧૭

અમદાવાદના નરોડા વિસ્તારમાંથી ગુમ થયેલી બે સગીરાઓના મામલામાં નરોડા પોલીસને મોટી સફળતા મળી છે. સગીરાઓને ભગાડી જનાર બન્ને આરોપીઓને પોલીસે અલગ-અલગ જિલ્લાઓમાંથી દબોચી લીધા છે. પોલીસે બન્ને સગીરાઓને સુરક્ષિત રીતે મુક્ત કરાવી પરિવારને સોંપી દીધી છે, જ્યારે આરોપીઓ વિરૂદ્ધ પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી જેલ ભેગા કર્યા છે.

આ બન્ને આરોપી સગીરાઓને લઈને અમદાવાદ બહાર નાસી ગયા હતા. પોલીસે બન્ને સગીરાઓને આ નરાધમોની ચુંગાલમાંથી હેમખેમ છોડાવી પરિવારને સુપ્રત કરી છે. પ્રેમ પ્રકરણને કારણે ઘરેથી ભાગી ગયેલી બન્ને સગીરાઓને પોલીસે સુરક્ષિત રીતે શોધી પરિવારને સોંપી છે. પોલીસે ત્રણ અલગ અલગ ટીમો બનાવી ઝડપી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી ઉમંગ વાલાને ગાંધીધામ પૂર્વ કચ્છ ખાતેથી ઝડપી લેવાયો અને આરોપી આકાશ સોઢાને ફાગવેલ કઠલાલ ખાતેથી હસ્તગત કરવામાં આવ્યો છે.

શુકવારે પોલીસને સગીરા અંગે હયુમન ઈન્ટેલિજન્સ આધારે માહિતી મળતા સગીરાઓને પરિવારને સુરક્ષિત રીતે સોંપવામાં આવી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં આ સમગ્ર મામલો પ્રેમ પ્રકરણનો હોવાનું સામે આવ્યું છે. જો કે, સગીરાઓ નાબાલિક હોવાના કારણે નરોડા પોલીસે કાયદાનું કડક વલણ અપનાવ્યું છે. પકડાયેલા બંને આરોપીઓ વિરૂદ્ધ પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગંભીર કલમો લગાવીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

વડાપ્રધાન મોદીના નેધરલેન્ડના પ્રવાસ દરમિયાન ગુજરાતની મહત્વાકાંક્ષી 'કલ્પસર યોજના' અંગે મહત્વના કરાર કરાયા

રૂ. ૧.૫૭ લાખ કરોડના ખર્ચે આકાર પામનારી કલ્પસર યોજના ૧૦-૧૨ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન

● અમદાવાદ, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેધરલેન્ડ પ્રવાસ દરમિયાન ગુજરાતની જળ સુરક્ષાના કલ્પવૃક્ષ સમાન 'કલ્પસર યોજના'ને સાકાર કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. આ દરમ્યાન કલ્પસર યોજના માટે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે ટેકનિકલ સહકાર માટેના MoU-સમજૂતિ કરાર પણ કરવામાં આવ્યાં છે. જેના કારણે ભારત અને નેધરલેન્ડ વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને નેધરલેન્ડની જળ વ્યવસ્થાપન ક્ષેત્રના બહોળા ટેકનીકલ અનુભવનો સીધો લાભ કલ્પસર યોજનાને મળશે. અંદાજે રૂ. ૧.૫૭ લાખ કરોડના ખર્ચે આકાર પામનારી આ યોજના મુજબ, આ જળાશયનો કુલ વ્યાપ ૧૮૦૦ ચો.કિ.મી. અને જે થકી કુલ ૧૩,૦૦૦ મિલિયન ઘનમીટર (૧૦.૫૩ મિલિયન એકર ફૂટ) મીઠા પાણીનો જથ્થો ધરાવતા જળાશયનું નિર્માણ થશે. સમગ્ર યોજના આગામી ૧૦થી ૧૨ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. કલ્પસર યોજનાના બંધની લંબાઈ કુલ ૬૦.૧૩ કિ.મી. છે. ડેમના મથાળા ઉપર ૧૬ માર્ગીય રસ્તા અને ૪ ટ્રેક રેલ્વેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ઉપરાંત ગુજરાત સરકારના સંકલનથી પર્યાવરણીય મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આગામી ૨ વર્ષમાં પર્યાવરણીય મંજૂરી મળવાની સંભાવના છે. પર્યાવરણીય મંજૂરી મળ્યા બાદ યોજનાના બાંધકામના ટેન્ડરની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. વડાપ્રધાન સાથે થયેલા સમજૂતિ કરાર મુજબ નેધરલેન્ડ્સના તજજ્ઞો દ્વારા આ યોજનાના ડીપીઆર-Dᵃailed Project Report™e ઝીણવટભરી સમીક્ષા કરાશે અને તેમના સૂચનો દ્વારા હૈંઈને વૈશ્વિક સ્તરે સર્વસ્વીકૃત તેમજ આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણોને અનુરૂપ બનાવવામાં આવશે.

નેધરલેન્ડ્સ તેના વિશ્વ પ્રખ્યાત 'Afsluitdijk' ડેમ પ્રોજેક્ટના ૯૦થી વધુ વર્ષોના મેનેજમેન્ટના અનુભવ અને નિપુણતાનો લાભ ભારતને આપશે. આ સહકાર ૨૯મી, માર્ચ-૨૦૨૨ના રોજ બંને દેશો વચ્ચે થયેલી ભારત-ડચ જળ વ્યૂહાત્મક ભાગીદારી-India-Dutch St®aegic Partnership on Water પર આધારિત છે. નેધરલેન્ડ દેશ પાસે દરિયામાં બંધ-જીદ્ગ ઢ્દદ્ઘ બાંધવાની ઉચ્ચકક્ષાની ટેકનિકલ તજજ્ઞતા છે. દરિયામાં બાંધકામ માટે 'ક્લોઝર મેથડોલોજી' (Closure Mᵃhodology) ખુબ અગત્યનું પાસું હોય છે. જેમાં દરિયાના ભરતી-ઓટના સમય, પ્રવાહની જડપ વગેરે બાબતોને ધ્યાને લઈને ચોક્કસ સમયે (in working window) જ ક્લોઝરની કામગીરી થઈ શકે છે. આ માટે નેધરલેન્ડ્સના તકનીકી જ્ઞાન અને બાંધકામ પદ્ધતિઓના બહોળા અનુભવની ખાસ જરૂરિયાત રહેશે. જેથી યોજનાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરી શકાય. કલ્પસર યોજનાને વૈશ્વિક ફલક પર લઈ જવા માટે દરિયાઈ બાંધકામમાં વિશ્વભરમાં મોખરાનું સ્થાન ધરાવતા નેધરલેન્ડના નિષ્ણાતોના તકનીકી નિષ્ણાતોનું માર્ગદર્શન અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

ગોમતીઘાટમાં સ્નાન કરતી વખતે રાજકોટના બે સગા ભાઈઓ ડૂબ્યા

● દ્વારકા, તા.૧૭

યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં પવિત્ર અધિક માસના પ્રારંભના પહેલા દિવસે જ કરુણ ઘટના બની છે. જગવિખ્યાત ગોમતી નદીના ઘાટ પર આજે (૧૬મી મે) વહેલી સવારે સ્નાન કરતી વખતે રાજકોટના એક જ પરિવારના બે સગા ભાઈઓ અચાનક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ એક ભાઈને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યો છે, જ્યારે બીજો ભાઈ નદીના તેજ પ્રવાહમાં લાપતા થઈ ગયો છે. આ દુર્ઘટનાને પગલે પવિત્ર તહેવારના માહોલ વચ્ચે સમગ્ર ઘાટ પર હાજર શ્રદ્ધાળુઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, આજથી પવિત્ર ગણાતા અધિક માસનો વિધિવત પ્રારંભ થયો છે. દેવભૂમિ દ્વારકામાં ગોમતી નદીના સ્નાનનું સવિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ હજારો શ્રદ્ધાળુઓની ભારે ભીડ ગોમતીઘાટ પર ઉમટી પડી હતી. લોકો હરિનામ સ્મરણ સાથે પવિત્ર ડૂબકી લગાવી રહ્યા હતા, ત્યારે જ રાજકોટથી પરિવાર સાથે દર્શનાર્થે આવેલા બે યુવાન ભાઈઓ સ્નાન કરવા માટે પાણીમાં ઉતર્યા હતા. આ દરમિયાન નદીના પ્રવાહ અને ઊંડાણનો અંદાજ ન આવતા બંને ભાઈઓ અચાનક પગ લપસવાથી ઊંડા પાણીમાં ગરકાવ થયા હતા અને બચાવવા માટે મદદની બૂમો પાડવા લાગ્યા હતા. બંને યુવાનોને ડૂબતા જોઈને આસપાસ સ્નાન કરી રહેલા અન્ય યાત્રિકોએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી. બૂમો સાંભળતા જ ઘાટ પર હાજર સ્થાનિક તરવૈયાઓ અને નાવિકોએ સમયસૂચકતા વાપરી તુરંત જ નદીમાં ઝંપલાવ્યું હતું અને એક યુવાનને પાણીમાંથી જીવતો બહાર કાઢી લેવામાં સફળતા મળી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ દુર્ઘટનામાં બીજો ૨૧ વર્ષીય યુવાન નદીના અંદરના વહેણમાં ખેંચાઈ જતાં ક્ષણભરમાં જ નજરની સામેથી ઓઝલ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ કાફલો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની રેસ્ક્યુ ટીમ તાબડતોબ ગોમતીઘાટ પર પહોંચી ગઈ હતી. રેસ્ક્યુ ટીમ દ્વારા બોટ અને આધુનિક સાધનોની મદદથી નદીના પટમાં વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. કલાકોની સઘન શોધખોળ છતાં હજુ સુધી લાપતા ૨૧ વર્ષીય યુવાનનો કોઈ પત્તો લાગ્યો નથી. આ ભોગ બનનાર પરિવાર મૂળ રાજકોટનો રહેવાસી છે અને અધિક માસ નિમિત્તે ભગવાન દ્વારકાધીશના શરણોમાં શીશ ઝુકાવવા અને ગોમતી સ્નાન કરી પુણ્ય કમાવવા માટે દ્વારકા આવ્યો હતો, ત્યાં જ આ અણધારી આફત તૂટી પડી હતી.

ડેપ્યુટી મેનેજરનું કારસ્તાન

અમદાવાદમાં વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓની ફીના નામે ઉચાપત

● અમદાવાદ, તા.૧૭

વિદેશમાં સ્ટડી કરવા જવાનું સપનું જોતા સ્ટુડન્ટ્સ અને તેમના પેરેન્ટ્સ સાથે છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. અમદાવાદના આંબાવાડીમાં આવેલી એક જાણીતી એજ્યુકેશન કન્સલ્ટન્સી કંપનીના જ એક અધિકારીએ સ્ટુડન્ટ્સની ફીના નામે લાખો રૂપિયા ઉઘરાવીને યુનિવર્સિટીના ખાતામાં જમા કરાવવાના બદલે પોતાના અંગત ખાતામાં ચાઉ કર્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે કંપની દ્વારા લાખો રૂપિયાની ઉચાપત અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

આ અંગે મામલે વડોદરાના કારેલીબાગમાં રહેતા અને કેરીયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ નામની ખાનગી એજ્યુકેશન કંપનીમાં સિનિયર મેનેજર ઓપરેશન તરીકે ફરજ બજાવતા ૪૧ વર્ષીય જયદીપસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડે ફરિયાદ નોંધાવી છે. તેમની કંપનીની હેડ ઓફિસ વડોદરામાં છે અને એક બ્રાન્ચ અમદાવાદમાં આવેલી છે. ફરિયાદ મુજબ, તેમની જ કંપનીની અમદાવાદ બ્રાન્ચમાં ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા એક કર્મચારીએ કંપની અને સ્ટુડન્ટ્સ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના પાલડીમાં રહેતા રૂશીલ દીપકભાઈ શાહને ૧૦/૦૫/૨૦૨૨ના રોજ કંપનીમાં ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર બનાવ્યા હતા. તેમની મુખ્ય જવાબદારી વિદેશ સ્ટડી માટે જતા સ્ટુડન્ટ્સનું કાઉન્સેલિંગ કરવાનું અને ફીની કામગીરી સંભાળવાની હતી.

જો કે, માર્ચ ૨૦૨૫થી ૧૩/૧૧/૨૦૨૫ દરમિયાન કંપનીને શંકા જતા આંતરિક તપાસ કરવામાં આવી હતી. જેમાં સામે આવ્યુ હતું કે રૂશીલ શાહે યુ.કે.ની યુનિવર્સિટીમાં જમા કરાવવાની ફીના નામે સ્ટુડન્ટ્સ અને પેરેન્ટ્સ પાસેથી કુલ રૂપિયા ૨૯,૧૩, ૬૭૦ પોતાના બેંક એકાઉન્ટમાં અને રોકડા મેળવી લીધા હતા. ભાંડો ફૂટવાના ડરે તેણે તેમાંથી ટુકડે-ટુકડે રૂપિયા ૧૮,૩૦,૫૫૮ સ્ટુડન્ટ્સને પરત ચૂકવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૧૦,૮૩,૧૧૨ સ્ટુડન્ટ્સને કે યુનિવર્સિટીને ન ચૂકવી પોતાની પાસે જ રાખી લીધા હતા. આ રીતે પોઝિશનનો ઉપયોગ કરી રૂપિયાની ઉચાપત કરવા બદલ રૂશીલ શાહ વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

દીવ ખાતે હાલ પ્રવાસીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે

● ગીર સોમનાથ, તા.૧૭

દીવ ખાતે હાલ પ્રવાસીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. શાળાઓમાં ઉનાળુ વેકેશન શરૂ થતાં તેમજ શનિ-રવિની સતત રજાઓને કારણે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો દીવની મુલાકાતે પહોંચી રહ્યા છે. બીજી તરફ ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધ જેવા તણાવપૂર્ણ વાતાવરણને કારણે અનેક લોકોએ વિદેશ પ્રવાસ રદ કરી દેશના જાણીતા પ્રવાસન સ્થળોની પસંદગી કરી છે, જેના પરિણામે દીવમાં પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ દ્રશ્યો છે પ્રવાસન સ્થળ દીવના નાગવા બીચ પરના, જ્યાં દીવનો પ્રખ્યાત નાગવા બીચ પ્રવાસીઓથી છલકાઈ ગયો હતો. સવારે જ બીચ પર સહેલાણીઓનો મેળાવડો જોવા મળ્યો હતો. પરિવાર સાથે ફરવા આવેલા લોકો દરિયાકિનારે મોજમસ્તી કરતા નજરે પડ્યા હતા. બાળકો પાણીમાં રમતાં જોવા મળ્યા હતા જ્યારે યુવાનો વિવિધ વોટર સ્પોર્ટ્સની મજા માણતા હતા.

જૂનાગઢના સનસનાટી મચાવનાર કેસમાં ખુલાસો

પૈસાની લેતીદેતી બાબતે મહિલાની હત્યા પુત્રના મિત્રએ કરી હતી

● જૂનાગઢ, તા.૧૭

શહેરના ગિરિરાજ વિસ્તારમાં ચિત્રકૂટ સોસાયટીમાં થોડા દિવસ પહેલા થયેલી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. મૃતક મહિલાના પુત્રના મિત્રએ જ પૈસાની લેતીદેતી બાબતે હત્યા કર્યાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીને ઝડપીને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ૫૯ વર્ષીય સુનિતા રાયજા નામની મહિલાની ગત ૧૨ મે ૨૦૨૬ મંગળવારના રોજ સાંજના સમયે જુનાગઢ શહેરના ગીરીરાજ વિસ્તારમાં આવેલા ચિત્રકૂટ સોસાયટીમાં રહેણાંક મકાનની અંદરથી ગળું કપાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. ત્યારે જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હત્યાના બનાવમાં સંડોવાયેલ મૃતકના પુત્ર અને ફરિયાદી દિલીપ રાયજાના મિત્ર ૩૯ વર્ષીય સુરેશ ઉર્ફે કાનો વાઘવાણી નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક તેમજ આરોપી જુના પાડોશી હોવાનું સામે આવ્યું છે. બનાવ સમયે જુનાગઢ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામાં આવી હતી. ત્યારે સ્થળની વિઝીટ દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા કોઈ જાણભેદુ વ્યક્તિ દ્વારા જ કરવામાં આવી હોવાની શંકા ઉદભવી હતી.

કારણકે, મૃતક સુનિતા દ્વારા બનાવ સમયે કોઈ પણ જાતનો પ્રતિકાર કરવામાં આવ્યો હોય તે પ્રકારના પુરાવા નહોતા મળી આવ્યા. બનાવ સંદર્ભે જુનાગઢ શહેરના બી ડીવીઝન પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતની જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન બનાવ સ્થળની આજુબાજુમાં આવેલા સીસીટીવી ફૂટેજ મેળવીને તેનું એનાલિસિસ પણ કરવામાં આવ્યું હતું. તો સાથે જ ડ્રોનની મદદથી બનાવવાળા વિસ્તારનો એરિયલ વ્યુમેપ તૈયાર કરી બનાવ વાળા સ્થળ સુધી આવવા તેમજ જવાના કયા કયા રસ્તાઓ છે તે બાબતનો નકશો તૈયાર હતો. તેમજ બનાવ સમયે મૃતકના ઘરની આસપાસ કયા વ્યક્તિઓની અવરજવર હતી તે બાબતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કેટલાક શંકાસ્પદ વ્યક્તિઓની પોલીસ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

Styrenix Performance Materials Limited

CIN : L25200GJ1973PLC002436

Registered Office : 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi,, Vadodara - 390 023, Gujarat, India.
Tele : +91 265-2303201 / 02 **E-Mail :** secshare@styrenix.com **Website :** www.styrenix.com

(INR in Crores)

Statement of Standalone Audited Financial Results For the Quarter and Year Ended March 31, 2026

	Particulars	For the Quarter ended		For the Year Ended	
		Mar 31, 2026 (Audited)	Mar 31, 2025 (Audited)	Mar 31, 2026 (Audited)	Mar 31, 2025 (Audited)
1	Revenue from operations	656.36	701.66	2,640.27	2,744.38
2	Other income	2.08	1.27	6.43	10.78
3	**Total income (1 + 2)**	**658.44**	**702.93**	**2,646.70**	**2,755.16**
4	**Expenses**				
	Cost of materials consumed	461.53	557.13	1,916.54	2,176.32
	Changes in inventories of finished goods and work-in-progress	(10.77)	(37.16)	29.96	(116.05)
	Employee benefits expense	18.26	18.82	75.23	70.31
	Other expenses	63.33	81.13	255.25	268.78
	Total expenses (4)	**532.35**	**619.92**	**2,276.98**	**2,399.36**
5	**PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (3 - 4)**	**126.09**	**83.01**	**369.72**	**355.80**
6	Finance Costs	1.30	0.95	5.55	3.53
7	**PBDT : Profit before Depreciation and Tax expense (5 - 6)**	**124.79**	**82.06**	**364.17**	**352.27**
8	Depreciation and amortisation expense	12.76	10.04	47.08	39.30
9	**Profit before Exceptional items and tax (7 - 8)**	**112.03**	**72.02**	**317.09**	**312.97**
10	Exceptional items	(0.33)	-	2.78	-
11	**Profit before tax (9 - 10)**	**112.36**	**72.02**	**314.31**	**312.97**
12	**Tax expense**				
	Current tax	27.52	21.51	82.37	84.72
	Deferred tax charge / (credit)	0.53	(2.65)	(2.33)	(3.92)
	Total tax expense (12)	**28.05**	**18.86**	**80.04**	**80.80**
13	**Profit for the Period / Year (11- 12)**	**84.31**	**53.16**	**234.27**	**232.17**
14	**Other comprehensive income** **Items that will not be reclassified to profit or loss** Remeasurements of defined benefit plans - (Loss) / Gain	1.00	(0.33)	0.54	(0.62)
	Income tax relating to remeasurements of defined benefit plans	**(0.25)**	**0.08**	**(0.14)**	**0.16**
	Total other comprehensive income, net of tax (14)	**0.75**	**(0.25)**	**0.40**	**(0.46)**
15	**Total comprehensive income for the Period / Year (13 + 14)**	**85.06**	**52.91**	**234.67**	**231.71**
16	Paid-up equity share capital (Face value of the share : INR 10)	17.59	17.59	17.59	17.59
17	**Other Equity**	**-**	**-**	**972.82**	**833.10**
18	**Earnings per share** Nominal value per equity share of INR 10 each				
	Basic and Diluted (INR)	47.94	30.23	133.22	132.02

Statement of Consolidated Audited Financial Results For the Quarter and Year Ended March 31, 2026

	Particulars	For the Quarter ended		For the Year Ended	
		Mar 31, 2026 (Audited)	Mar 31, 2025 (Audited)	Mar 31, 2026 (Audited)	Mar 31, 2025 (Audited)
1	Revenue from operations	826.10	939.71	3,438.03	2,982.42
2	Other income	11.79	2.67	16.37	12.18
3	Total income (1 + 2)	837.89	942.38	3,454.40	2,994.60
4	Expenses				
	Cost of materials consumed	579.00	841.37	2,489.88	2,460.56
	Changes in inventories of finished goods and work-in-progress	(9.29)	(161.78)	15.21	(240.67)
	Employee benefits expense	36.09	38.53	147.92	90.02
	Other expenses	104.31	134.36	441.82	322.01
	Total expenses (4)	710.11	852.47	3,094.83	2,631.92
5	PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (3 - 4)	127.78	89.91	359.57	362.68
6	Finance Costs	4.65	3.07	19.45	5.65
7	PBDT : Profit before Depreciation and Tax expense (5 - 6)	123.13	86.84	340.12	357.03
8	Depreciation and amortisation expense	30.40	25.79	114.09	55.04
9	Profit before Exceptional items and tax (7 - 8)	92.73	61.05	226.03	301.99
10	Exceptional items	(0.33)	-	2.78	-
11	Profit before tax (9 - 10)	93.06	61.05	223.25	301.99
12	Tax expense				
	Current tax	23.17	20.12	61.53	83.33
	Deferred tax charge / (credit)	(3.59)	(13.79)	(21.13)	(15.06)
	Total tax expense (10)	19.58	6.33	40.40	68.27
13	Profit for the Period / Year (11 - 12)	73.48	54.72	182.85	233.72
14	Other comprehensive income	-	-	-	-
	Items that will not be reclassified to profit or loss	-	-	-	-
	Remeasurements of defined benefit plans - (Loss) / Gain	(1.06)	0.20	(1.08)	(0.07)
	Income tax relating to remeasurements of defined benefit plans	0.16	(0.02)	0.19	0.05
	Items that will be reclassified to profit or loss	-	-	-	-
	Changes in foreign exchange reserve	10.03	(1.59)	36.99	(1.59)
	Total other comprehensive income, net of tax (12)	9.13	(1.42)	36.10	(1.61)
15	Total comprehensive income for the Period / Year (11 + 12)	82.61	53.30	218.95	232.11
16	Profit after tax attributable to:	-	-	-	-
	Owners of the company	73.48	54.72	182.85	233.72
	Non-controlling interest	-	-	-	-
17	Other Comprehensive income attributable to :				
	Owners of the company	9.13	(1.42)	36.10	(1.61)
	Non-controlling interest	-	-	-	-
18	Total Comprehensive income attributable to :				
	Owners of the company	82.61	53.30	218.95	232.11
	Non-controlling interest	-	-	-	-
19	Paid-up equity share capital (Face value of the share : INR 10)	17.59	17.59	17.59	17.59
20	Other Equity	-	-	1,348.72	1,201.14
21	Earnings per share				
	Nominal value per equity share of INR 10 each				
	Basic and Diluted (INR)	41.79	31.11	103.98	132.91

Notes :

1. The Standalone and Consolidated statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on May 16, 2026. The statutory auditor have expressed unmodified conclusion on the aforesaid results.
2. The above is an extract of the detailed format of the financial results for the quarter and year ended Mar 31, 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.styrenix.com).
3. The financial results of the Company have been prepared in accordance with Indian Accounting ("Ind AS") notified under Section 133 of the Companies Act 2013 ('Act') read with Companies (Indian Accounting Standards) Rules, 2015, as amended.
4. The same can be accessed by scanning the QR Code provided below :

For Styrenix Performance Materials Limited
Sd/-
Rakesh S Agrawal
Chairman
DIN : 00057955

Place : Vadodara
Date : May 16, 2026